ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ તેરસ ગુરુવાર ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૮૩

પાનાં ૧૦+૪ કિંમત ₹ ૫.૦૦

CECના નિર્ણયો સામે તેના જ બે કમિશનરને વાંધો

મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવા અને જેલમાં મોકલવાની વિપક્ષની માગ

મમતાએ પ. બંગાળમાં ફરી ચૂંટણી યોજવા આહ્વાન કર્યું ; ભાજપે મતભેદોને 'શુદ્ધ લોકશાહી' ગણાવ્યા.

નવી દિલ્હી, તા. 23: ચૂંટણી પંચની અંદર સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયાને લઈને બે ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધૂ અને વિવેક જોશીએ ઉઠાવેલા વાંધાઓ બાદ દેશના રાજકારણમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ ઘટનાક્રમ સામે આવ્યા બાદ વિપક્ષી દળોએ મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મોરચો ખોલી દીધો છે. કોંગ્રેસે આ વિવાદને 'જ્ઞાનેશ કૌભાંડ' ગણાવ્યો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ,

...અનુસંધાન પાના 5 પર

ચૂંટણી પંચમાં પહેલાં પણ સપાટી પર આવ્યા છે આંતરિક વિવાદો

દેશમાં ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાને લઈને વર્તમાન ચૂંટણી કમિશનરો વચ્ચે ઊભા થયેલા આંતરિક મતભેદોએ ચૂંટણી પંચની અંદર ભૂતકાળમાં સર્જાયેલા ગંભીર વિવાદોની યાદ તાજી

...અનુસંધાન પાના 5 પર

ચૂંટણી સુધારાઓ સર્વસંમતિથી જ લેવાયા, આંતરિક મંથન પારદર્શક પ્રક્રિયાનો ભાગ : પંચ

દેશવ્યાપી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયા દરમિયાન બે ચૂંટણી કમિશનરો દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓ અંગે ઊભા થયેલા વિવાદ વચ્ચે ચૂંટણી પંચે બુધવારે ભારપૂર્વક

...અનુસંધાન પાના 5 પર

બંને કમિશનરોએ ચાર મહત્વના મુદ્દાઓ પર લેખિત વિરોધ નોંધાવી તેની નકલો જ્ઞાનેશ કુમાર તેમજ કેબિનેટ સેક્રેટરીને પણ મોકલી હતી

1. નવા મતદારો માટેના ફોર્મ 6માં કાયદાકીય નિયમો બદલ્યા વગર જ SIR સંબંધિત સવાલો ઉમેરવામાં આવ્યા હતા. જસ્ટિસ જોશી અને સંધૂએ આ ફેરફારને 'અનધિકૃત અને ગેરકાયદે' ગણાવીને તુરંત હટાવવા આદેશ આપ્યો હતો.
2. ઈલેક્ટોરલ રોલનો કંટ્રોલ સ્થાનિક ઈઆરઓ (ERO) પાસેથી છીનવીને દિલ્હી સ્થિત આઈટી વિભાગ દ્વારા સેન્ટ્રલાઇઝ્ડ કરવા સામે વિવેક જોશીએ આશંકા વ્યક્ત કરી ઓડિટની માગ કરી હતી.
3. જ્યુડિશિયલ ઓફિસરો દ્વારા સામેલ કરાયેલા મતદારો સામે ચૂંટણી પંચે કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. સંધૂએ સવાલ ઉઠાવ્યો હતો કે આ અપીલ દાખલ કરવા માટે પંચમાંથી કોણે અધિકાર આપ્યો હતો?
4. ગોવામાં સ્થાનિક અધિકારીઓએ 97 મતદારોને પાત્ર ઠેરવ્યા હોવા છતાં, સોફ્ટવેરમાં સુધારો કરવાનો વિકલ્પ ન અપાતા આ યોગ્ય મતદારોના નામ અંતિમ યાદીમાંથી બાદ રહી ગયા હતા.

વિવાદ શા માટે અત્યંત મહત્વનો છે?

અભૂતપૂર્વ બંધારણીય સંકટ: ભારતના ચૂંટણી પંચના ઈતિહાસમાં ક્યારેય બે કમિશનરોએ વડા (સીઈસી) અને વહીવટી તંત્ર સામે આટલી મોટી સંખ્યામાં લેખિતમાં અસંમતિ દર્શાવી નથી.

મુખ્ય નિર્ણયોમાંથી બાકાત: 3માંથી 2 કમિશનરોને જ અંધારામાં રાખીને દેશની સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અને મતદાર યાદીઓ સાથે ફેરફાર કરવામાં આવ્યા હોવાનો ગંભીર આક્ષેપ છે.

ડેટાબેઝ સુરક્ષા પર પ્રશ્નાર્થ: સ્થાનિક કાયદાકીય અધિકારીઓ (એસડીએમ/ઈઆરઓ)ની સત્તા છીનવીને દિલ્હીથી આઈટી સિસ્ટમ દ્વારા કંટ્રોલ કરવાનો પ્રયાસ થયો છે, જેનાથી હેકિંગ કે ગેરરીતિનું જોખમ વધે છે.

વાંધો ઉઠાવનાર બંને ચૂંટણી કમિશનર કોણ છે?

1. સુખબીર સિંહ સંધૂ: હોદ્દો: ચૂંટણી કમિશનર (માર્ચ 2024થી કાર્યરત). તેઓ 1988 બેચના ઉત્તરાખંડ કેડરના નિવૃત IAS અધિકારી છે. તેઓ ઉત્તરાખંડના મુખ્ય સચિવ અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન રહી ચૂક્યા છે. તેમણે ફોર્મ 6ના ગેરકાયદેસર ફેરફારો અને પશ્ચિમ બંગાળ અપીલ મામલે સખત લેખિત વાંધા ઉઠાવ્યા છે.

2. વિવેક જોશી: હોદ્દો: ચૂંટણી કમિશનર (ફેબ્રુઆરી 2025થી કાર્યરત) 1989 બેચના હરિયાણા કેડરના નિવૃત IAS અધિકારી. તેઓ નાણાકીય સેવા વિભાગમાં સચિવ અને ભારતના રજિસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશનર તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. તેમણે મતદાર યાદીના આઈટી ડેટાબેઝના કેન્દ્રીયકરણ સામે સૌથી પહેલો વાંધો ઉઠાવ્યો હતો અને થર્ડ-પાર્ટી ઓડિટની માગ કરી હતી.

શી જિનપિંગ વોશિંગ્ટન પહોંચ્યા ટ્રમ્પે રનવે સુધી જઈને કર્યું સ્વાગત

ચીની પ્રમુખની એક દાયકા બાદ પ્રથમ અમેરિકા યાત્રા, સામાન્ય રીતે વ્હાઇટ હાઉસમાં મહેમાનોનું સ્વાગત થાય છે

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, વેપાર અને તાઇવાનના તણાવ વચ્ચે ટ્રમ્પ-જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો યોજાશે

વોશિંગ્ટન, તા. 23 (AP): ચીન પ્રમુખ શિ જિનપિંગ બુધવારે ત્રણ દિવસીય રાજકીય મુલાકાતે વોશિંગ્ટન પહોંચતા જ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ક્વાયત તોડીને એરપોર્ટના રનવે પર જઈને તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. સામાન્ય રીતે વ્હાઇટ હાઉસમાં મહેમાનોનું સ્વાગત થતું હોય છે, પરંતુ ટ્રમ્પે જોઇન્ટ બેઝ એન્ડ્રુઝ એરપોર્ટ પહોંચીને જિનપિંગ અને તેમની પત્ની પેંગ લિયુઆનનો સત્કાર કર્યો હતો જે દર્શાવે છે કે તેઓ જિનપીંગ સાથે સંબંધો સુધારવા માગે છે. આ એક દાયકા કરતા વધુ સમયમાં ચીનના પ્રમુખની પ્રથમ અમેરિકા મુલાકાત છે. જોકે, આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે વેપાર, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ), ઈરાન સાથેના સંઘર્ષ અને તાઈવાન જેવા વિવાદોને કારણે બંને દેશો વચ્ચે ભારે તણાવ છે. ટ્રમ્પ આ મુલાકાત દ્વારા 'વ્યૂહાત્મક સ્થિરતા' જાળવવા અને પોતાના મે મહિનાના ચીન પ્રવાસના ભવ્ય સ્વાગતનો બદલો ચૂકવવા માગે છે. ગુરુવારે વ્હાઇટ હાઉસ ખાતે સૈન્ય પરેડ અને ભવ્ય સ્ટેટ ડિનર યોજાશે, જેમાં ઇલોન મસ્ક અને જેન્સન હુઆંગ જેવા ટેક દિગ્ગજો હાજરી આપશે. શુક્રવારે બંને નેતાઓ 'નેશનલ આર્કાઇવ્ઝ'ની મુલાકાત લઈને સંબંધોની ઐતિહાસિક ક્ષણો

...અનુસંધાન પાના 5 પર

દિલ્હી ડાયરી

આર એન્ડ ડબલ્યુની સ્થાપના અને ૧૯૭૧નું યુદ્ધ

નવેમ્બર ૧૯૭૧ના છેલ્લા અઠવાડિયામાં ભારતની બાહ્ય ગુપ્તચર એજન્સીને એક અસાધારણ માહિતી મળી. પાકિસ્તાની તંત્રની અંદર કે. શંકરન નાયરના એક સૂત્રને જાણ થઈ હતી કે, પાકિસ્તાન પશ્ચિમી ક્ષેત્રમાં ભારતીય એરબેઝ પર પૂર્વગામી હવાઈ હુમલાની તૈયારી કરી રહ્યું છે. નાયરે આ ચેતવણી આગળ પહોંચાડી. ભારતીય વાયુસેનાને એલર્ટ પર રાખવામાં આવી. આખરે પાકિસ્તાને 3 ડિસેમ્બરે તેના હવાઈ હુમલા શરૂ કર્યા. ભારત તેના માટે તૈયાર હતું. તેર દિવસ પછી પાકિસ્તાની લશ્કરે ઢાકામાં શરણાગતિ સ્વીકારી અને બાંગ્લાદેશનો જન્મ થયો. જે સંસ્થાએ આ ગુપ્તચર માહિતી પૂરી પાડી હતી તેના વડા રમેશ્વર નાથ કાઓ હતા, જે રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (આર એન્ડ એ વિંગ)ના પ્રથમ વડા હતા. આર એન્ડ એ વિંગ માંડ ત્રણ વર્ષથી અસ્તિત્વમાં આવ્યું હતું. ૧૯૬૮માં સ્થપાયેલ આર એન્ડ એ વિંગે ૨૧ સપ્ટેમ્બરે તેના અસ્તિત્વનું ૫૮મું વર્ષ પૂરું કર્યું. તેની રચના કાઓ દ્વારા શૂન્યમાંથી કરવામાં આવી હતી, જેઓ ઇન્ટેલિજન્સ બ્યુરો

...અનુસંધાન પાના 5 પર

SIR અંગે બે માજી મુખ્ય ચૂંટણી કમિશનરે ઉઠાવ્યા ગંભીર સવાલો

ઓ પી રાવત અને એસ વાય કુરેશીએ SIR પ્રક્રિયાને મતદારોમાં ભય ઊભો કરનાર ગણાવી

મતદાર નોંધણી માટેના ફોર્મ 6માં કરવામાં આવેલા ફેરફારો તદ્દન ગેરકાયદે અને ખોટા.

નવી દિલ્હી, તા. 23 (PTI): ચૂંટણી પંચમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અને મતદાર નોંધણી માટેના ફોર્મ 6માં કરવામાં આવેલા ફેરફારોને બે ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરો (સીઈસી) ઓ.પી. રાવત અને એસ.વાય. કુરેશીએ 'તદ્દન ગેરકાયદેસર અને ખોટા' ગણાવ્યા છે. ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધૂ અને વિવેક જોશીએ તેમની અજાણતા લેવાયેલા નિર્ણયો, ફોર્મ 6માં ફેરફારો અને મતદાર યાદીના ડેટાબેઝના કેન્દ્રીયકરણ સામે છેલ્લા 10 મહિનામાં ઓછામાં ઓછી 14 વખત લેખિત વિરોધ નોંધાવ્યો હતો.

પૂર્વ સીઈસી ઓ.પી. રાવતે જણાવ્યું હતું કે, ચૂંટણી પંચમાં આવી સ્થિતિ સર્જાવી તે લોકશાહી માટે અત્યંત કમનસીબ છે. એસઆઈઆર દ્વારા મતદારોના મનમાં ભયનો માહોલ ઊભો થયો છે. કાયદાકીય નિયમો (1960)માં સુધારો કર્યા વિના ઓનલાઈન ફોર્મ 6માં ફેરફાર કરવો કાયદાકીય રીતે ખોટું છે. તેમણે

...અનુસંધાન પાના 5 પર

ટ્રમ્પની નાશ કરવાની ધમકી છતાં અમે ઝૂકીશું નહીં : પેઝેશ્કિયાન

ટ્રમ્પની ચેતવણીના બીજા જ દિવસે મસૂદ પેઝેશ્કિયાને અમેરિકા અને ઈઝરાયેલ સામે આકરા પ્રહારો કર્યા

અમેરિકા સાથે વાતચીત માટે તૈયાર છીએ પરંતુ દબાણ સામે ક્યારેય સમર્પણ નહીં કરીએ

AP, સંયુક્ત રાષ્ટ્રો, તા. 23 : યુનાઇટેડ નેશન્સ ખાતે વાર્ષિક સામાન્ય સભામાં ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે તીખુ શબ્દયુદ્ધ જોવા મળ્યું છે. ઈરાન સાથેનો 7 મહિનાથી ચાલતો સંઘર્ષ ઉકેલવા કરાર નહીં થાય તો ઈરાનનો સંપૂર્ણ નાશ કરવાની ટ્રમ્પની ધમકીના 1 દિવસ બાદ પેઝેશ્કિયાન સામાન્ય સભાને સંબોધિત કરી રહ્યા હતા. યુદ્ધની સ્થિતિ વચ્ચે કોઈ વિદેશી નેતા યજમાન દેશની ભૂમિ પરથી વિશ્વ સમુદાયને સંબોધિત કરતા હોય તેવી આ અસાધારણ ઘટના બની છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ઈરાનની જનતા અમેરિકા અને ઈરાન દ્વારા લાદવામાં આવેલા 'આતંકવાદ અને આક્રમણનો ભોગ' બની છે.

પોતાના સંબોધનમાં પેઝેશ્કિયાને ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈ અને યુદ્ધના પ્રથમ દિવસોમાં માર્યા ગયેલા 150 થી વધુ શાળાના બાળકોના ચિત્રો દર્શાવીને અમેરિકી આક્રમણનો સખત વિરોધ કર્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે ઈરાન માત્ર પોતાનું આત્મરક્ષણ કરી રહ્યું છે અને નિર્દોષ નાગરિકો કાયરતાપૂર્ણ હુમલાનો ભોગ બન્યા છે. તેમણે કહ્યું કે અમેરિકાના પ્રહાર છતાં ઈરાને ઘૂંટણ ટેકવ્યા નથી.

...અનુસંધાન પાના 5 પર

હડતાળના પગલે રવિવારે પણ બેંકો ખુલ્લી રહેશે

યુએફબીયુની 3 દિવસીય હડતાળ અને અર્ધવાર્ષિક હિસાબી ક્લોઝિંગને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય નાણા મંત્રાલયનો નિર્ણય

નવી દિલ્હી, તા. 23 (PTI): યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (યુએફબીયુ) દ્વારા 28 સપ્ટેમ્બરથી પ્રસ્તાવિત ત્રણ દિવસીય દેશવ્યાપી હડતાળને ધ્યાનમાં રાખીને, તમામ સરકારી અને ક્ષેત્રીય ગ્રામીણ બેંકો રવિવાર, 27 સપ્ટેમ્બર 2026ના રોજ સામાન્ય દિવસોની જેમ જ ખુલ્લી રહેશે. નાણા મંત્રાલય દ્વારા બુધવારે બહાર પાડવામાં આવેલા અધિકૃત નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. બેંકિંગ ક્ષેત્રના લગભગ 90 ટકા કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતું યુનિયન

...અનુસંધાન પાના 5 પર

કેન્દ્રીય કર્મચારીઓ પેન્શનરોને 25 સપ્ટેમ્બરે જ મળશે એડવાન્સ પગાર

28થી 30 સપ્ટેમ્બર દરમિયાન ત્રણ દિવસીય દેશવ્યાપી બેંક હડતાળ વચ્ચે બેંકિંગ સેવાઓ પ્રભાવિત થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને નાણા મંત્રાલયે તમામ કેન્દ્રીય સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને સપ્ટેમ્બર મહિનાનો

...અનુસંધાન પાના 5 પર

CECની નિમણૂકના કાયદા સામેની અરજીઓ પર સુપ્રીમની બેંચ વિભાજિત

2023ના કાયદામાં મુખ્ય ન્યાયાધીશને પસંદગી સમિતિમાંથી બહાર રાખવામાં આવ્યા છે જેનો વિરોધ અરજીકર્તાઓ કરી રહ્યા છે

PTI નવી દિલ્હી, તા. 23 : મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) અને અન્ય ચૂંટણી કમિશનરો (ઈસી)ની નિમણૂક માટેની પસંદગી સમિતિમાંથી ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ)ને બહાર રાખતા વર્ષ 2023ના કાયદાને પડકારતી અરજીઓ મામલે સુપ્રીમ કોર્ટમાં મહત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે. આ અરજીઓને પાંચ સભ્યોની મોટી બંધારણીય બેંચ સમક્ષ મોકલવી કે નહીં તે મુદ્દે સુપ્રીમ કોર્ટની બેંચ વિભાજિત થઈ ગઈ છે અને બે જજ વચ્ચે ભિન્ન અભિપ્રાયો સામે આવ્યા છે. જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેંચે પાંચ દિવસ સુધી આ કેસની સુનાવણી કર્યા બાદ અલગ-અલગ મતો રજૂ કર્યા હતા. જસ્ટિસ દીપાંકર દત્તાએ આ મામલો બંધારણીય બેંચને મોકલવાનો ઈનકાર કર્યો હતો, જ્યારે જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા તેમના આ મત સાથે અસંમત રહ્યા હતા. આ વૈચારિક મતભેદોના

...અનુસંધાન પાના 5 પર

ઓમાન નજીક 'એમવી કેપ ડાઓ' જહાજ પર હુમલામાં ભારતીય નાવિકનું મોત

નવી દિલ્હી, તા. 23 : ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસે બુધવારે જણાવ્યું હતું કે, ભારત તરફ જઈ રહેલા 'એમવી કેપ ડાઓ' નામના જહાજ પર હુમલો થતાં એક ભારતીય નાગરિકનું મોત નીપજ્યું છે. દૂતાવાસે ઉમેર્યું હતું કે, તે પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યું છે અને જહાજ પર સવાર ૧૯ ભારતીય નાગરિકો સહિત તમામ ક્રૂ સભ્યોની

...અનુસંધાન પાના 5 પર

ગરમીથી ભારતમાં 15800થી વધુ વધારાના મોત થવાની આશંકા

ફેબ્રુઆરી 2027 સુધીમાં વિશ્વભરમાં ગરમીથી 2.39 લાખ લોકો જીવ ગુમાવી શકે છે : અહેવાલ આફ્રિકા અને એશિયાના દેશો સૌથી વધુ પ્રભાવિત થશે

નવી દિલ્હી, તા. 23 (PTI): અક્ષાંશીય પ્રશાંત મહાસાગરમાં સક્રિય 'સુપર અલ નીનો'ના કારણે આગામી છ મહિનામાં સામાન્ય વર્ષની સરખામણીએ ભારતમાં ગરમીના કારણે વધારાના અંદાજે 15,800 લોકોના મોત થઈ શકે છે, તેમ બુધવારે રજૂ કરાયેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે.

યુનિવર્સિટી ઓફ શિકાગોના 'એનર્જી પોલિસી ઈન્સ્ટીટ્યુટ'ના અહેવાલ મુજબ, આ આબોહવાકીય ઘટનાને કારણે આગામી મહિનાઓમાં વૈશ્વિક જમીનનું તાપમાન સામાન્ય કરતાં 1.2 ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. વર્લ્ડ મેટોરોલોજિકલ ઓર્ગેનાઈઝેશન અનુસાર, આ અલ નીનો પરિસ્થિતિ વધુ તીવ્ર બનીને ફેબ્રુઆરી 2027

...અનુસંધાન પાના 5 પર

હવામાન

તા. ૨૩-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧૯૮૩ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૩૭.૮૯ ફૂટ	આઉટફ્લો ૮૦૦ ક્યુસેક

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૪.૩ સે.	૨૬.૪ સે.	૬૩%